॥ ॐ श्री ॥ श्रीसद्गुरवे परमात्मने नमः

વ્યવહાર ભાનુ.

પ્રથમ રશ્મિ.

(૧) ઉમરે દિવસે દિવસે [illegible] પણ નાના થવાય છે.

(૨) ઘણાઓ તૈયાર રહેતા નથી તેથી પોતાનાં નવી ફેશનનાં, નવીન હોશનાં અને વધુ આશા-ઉમંગનાં કામોમાં પોતેજ આડા આવે છે જેથી હમેશના કાર્યથી સાવધ રહેવું.

(૩) મગજને શાન્તિ આપવાનો સમય મગ- [illegible] ને છે પણ અન્ય વખતે નહિ.

૪) અમુક હરકત દૂર કરવાનું દ્વાર નિયમ છે, પણ તેથી હરકત દૂર ન થાય તો એ નિયમ કરવાથી શું અધિક છે?

(૫) અમુક નિયમ વારંવાર કહી બતાવ્યા કરતાં ઉપયોગમાં લેવાથી ઝટ અમલમાં આવે છે.

(૬) હરકત ... કરવાને એકદમ લેવાતો ... મ ફાયદાય ... પરંતુ ધીરે ધીરે લેવા ... એમ ફલ

(૭) ... ટ એકજ નિયમ લગાડી શકાતો નથી તેથી નિયમની જોડે ઉપનિયમની પણ જરૂર છે.

(૮) નિયમ ઘડવામાં આપણીજ શક્તિ કામ લાગે છે એટલુંજ નહિ પણ જેના ઉપર નિયમ ઘડવો છે તે પાત્રની શક્તિ પણ જોવાની છે.

(૯) પાપ અને પુણ્ય એ બે સં ... ધી છે.

(૧૦) ધર્મ, નીતિ અને સદાચાર પણ દ્વારાએ ...ના માર્ગો છે, અને એથી ઉલટા

(૧૧) માતા, પિતા, ગુરૂ એ પુજ્ય . સ્થાન રૂપે છે. જોવું

(૧૨) સ્વાર્થ તો સૌને છે પણ પરમાર્થ તો, કોઇ વિરલાને હશે. માટે પરમાર્થ સેવતા પડે તો શ્રમ, એ શ્રમ નથી પણ ફળ છે.

(૧૩) હરરોજ જેનાથી પાંચ મિનિટ પણ કર્તાનો ગુણ ગવાતો નથી તેનાથી વધારે નિમકહરામી બીજો કોણ ?

(૧૪) ક્ષણિક હસવાના આનંદ માટે સામાની નિંદા કે મશ્કરી કરીને પાપથી પેટ ભરતા નહિ.

(૧૫) કોઇ આશા ભરેલો નિરાશ થઇને આપણે ઘેરથી પાછો ફરે તો તે પોતાનું પાપ આપી આપણું પુણ્ય લઇ જાય છે.

(૧૬) જેમનું હિત ચહાનાર માણસ દેશ દી

, પણ દેશનું અહિત ચહાનાર ... કપુત છે.

આસ્થા—ભાવ વિનાની ભક્તિ નકામીછે.

(૧૮) ઇષ્ટ સેવામાં જરૂર કરતાવધારે વપરાતી ચીજ વધારાની કે નકામી ગયા જેવી નથી.

(૧૯)જે છેક નિરાશ્રિત અને નિરાધાર પ્રાણીઓ છે તેમને આપવું એજ સર્વોત્તમ પુણ્ય છે. પશુ પક્ષી કરતા નિરાધાર મનુષ્યને આપવું એ અધિક ફળદાયક છે,

(૨૦) વાણીથી કંઇક બોલાય, મનમાં કંઇક વિચારો દોડે અને કર્મ એ બેથી જુદીજ રીતનાં કરાય એ ધર્મનું લક્ષણ નથી.

(૨૧)જે પોતે પાપ કરે છે અને બીજાને કરાવે છે તેને એકી વખતે બેવાર પ્રાયશ્ચિત કરાવવાની જરૂર પડે છે.

(૨૨) જેની ઇષ્ટ સેવામાં વધુ પ્રીતિ

રહે છે, તેને ઇષ્ટ અહીંજ કોઇ પણ દ્વારાએ કોઇ પણ વિષયમાં ફલ આપે છે.

(૨૩) ઇષ્ટ સેવામાં લિનતા પ્રાપ્ત થાય-છે તે વખતે જે સખ્સથી બાલચેષ્ટા જેવું બતાવાતુ હશે તેથી એ મૂર્ખ કે ભોળો નથી, પણ ઇષ્ટને કંઇક અંશે ઓળખવાને જોઇ શકતો હોય એવી એકદમ આવેલી શક્તિના લાભનુ પરિણામ છે.

(૨૪) વૃદ્ધ માતાપિતાના દુઃખના વ-ખતે જે છોકરાથી અંતઃકરણપૂર્વક સેવા બજાવાતી નથી તે પુત્ર સપુત નહિ પણ ક-પુત છે.

(૨૫) જ્યારે આપણે આપણી વૃત્તિઓ શાન્ત જાણીએ છીએ અને કંઇક સારૂં ક-રીએ છીએ એમ આપણા અંતઃકરણથી સમ-જાતું હોય એવે સમયે જેનું મરણ થાય તે સમય મરણને માટે ઉત્તમ છે.

(૨૬) આશાથી દાન કરનાર, દાતાનો દ્વેષ કરનાર અને દાનને કહી બતાવનાર એટલાં અતિ પાપી છે.

(૨૭) ચાલતી કેળવણીમાં ધર્મ અને નીતિની કેળવણી દાખલ કરવામા આવે તો વધુ ફાયદો થવાની આશા છે.

(૨૮) છુપાં કામ કરનારા સમજેછે કે આ કામ મારા–અમારા વગર બીજા કોઇ જોતા કે જાણતા નથી, પણ તેવાંજ કામો સાક્ષાત દેખનારા છે.

(૨૯) ન્યાયી થઇ ગુન્હેગારો ઉપર દયા લાવી તેઓને છોડી મુકે તો ગુનેગારોની સંખ્યા આવી દયાના પ્રતાપે ઘટવાને બદલે વધી પડે છે.

(૩૦) ઉપકારનો બદલો મેળવવાની ઇચ્છા રાખતો નથી તેજ ખરેખરો પરોપકારી છે, પણ બદલાની આશા રાખનારો માણસ સ્વાર્થી છે.

(૩૧) કંદમૂળ–ફળ ફુલ ઉપર જેનો નિર્વાહ ચાલતો હોય, તેણે પોળી પકવાન–મિષ્ઠાન ખાવાની આદત પાડવીજ નહિ.

(૩૨) જે પોતાના મનોવિકારો ઉપર જીત મેળવે છે તેજ ખરો લડવૈયો છે.

(૩૩ જેના તેના મોં આગળ વખતો વખત પાઘડી ઉતારે છે તેની પાઘડી વહેલી ઢીલી પડી જાય છે.

(૩૪) જે પોતાની સ્ત્રીને હરહમેશ મારે-છે તે પોતાના પાડોસીને બબડવાનું કારણ ઉભુ કરી આપે છે.

(૩૫) ભાગ્ય ઉપર ભરોંસો રાખનારાની આશા પાણી ઉપરના પરપોટા જેવી છે.

(૩૬) આ લોકના સુખનાં ફાંફાં મારનારથી પરલોકનું સુખ નાસતું ફરે છે.

(૩૭) નિઃસ્વાર્થી ઉપકારનો બદલો વાળી શકાય તેમ નજ હોય તો તે ઉપકારી તરફ જે-

નો પુજ્યભાવ હમેશના માટે રહેતો નથી તે-નાથી વિશેષ અધમ બીજો નર કયો ?

(૩૮) સામાનું દુ:ખ જોવા કે સાભળવાની ઇચ્છાવાળા ઘણા હશે પણ તે દુ:ખ દુર કરવાની ઇચ્છાવાળા નર તો થોડાજ છે.

(૩૯) જે વસ્તુથી આપણે જેટલા લાભની ઇચ્છા રાખતા હોઇએ તેટલો લાભ આપણને મલતો હોય, છતા બીજાઓ તેમાંથી લાભ લે તો તેથી આપણને કાંઇ નુકશાન નથી; પણ ઉપકારનો લાભ છે.

(૪૦) તન મન અને ધનથી સામાને ખુશ કરવા શક્તિમાન હો કે ના હો, પણ વાણીથી ખુશ કરવાનું આપણા અધિકારમાં હોય તો તે ફરજ યોગ્ય માર્ગે બજાવ્યા વિના રહેવું નહિ.

(૪૧) નવું નવું જાણવાની ઇચ્છાવાળો જનસમુહ ઘણો છે, પણ છે તેટલુંજ પરિપૂર્ણ સમજનારની સંખ્યા થોડી છે.

(૪૨) બતાવવે કુશલ ઘણા હોય છે, પણ બ-જાવવે કુશલ થોડા હોય છે.

(૪૩) ઘણાઓ અલ્પ અને નજીવી ભૂલો ઉ-પર સ્વાર થાય છે તે મહત્વનું નથી, પણ વિષયનો આશય મહત્વનો છે

(૪૪) લક્ષથી બેલક્ષ બે બાબતોમાં રહેવાય છેઃ—૧. છેક હલકી, કે ૨. બુદ્ધિ બળથી બારે.

(૪૫) અસાર વસ્તુ બદલીને ચોખ્ખા નહિ ગણાઓ, પણ અસાર વૃત્તિઓ (સ્વભાવ) બ-દલીને ચોખ્ખા ગણાઓ.

(૪૬) આત્મપ્રશંસા જાણવાવાળો માણસ ઉત્તમ નથી, આત્મદોષ જાણવાવાળો માણસ ઉત્તમ છે.

(૪૭) પ્રાણી માત્રનું મન એજ રાજા અને રંક છે.

(૪૮) જે વસ્તુ પોતાને મળી શકે એવી ન જ હોય, છતાં તે વસ્તુ માગે તો તે પોતેજ પોતાને ના કહે છે.

(૪૯) મનનાં જણાવેલાં કામનો અનાદાર એ જ કુટેવ.

(૫૦) બુદ્ધિના વિષયો બીજી વસ્તુઓની માફક ખુણે ખોચરે પડી રહેલા નથી હોતા, પણ આપણી આસપાસ ફરે છે અને તેને જ્ઞાનચક્ષુજ જોઇ શકે છે.

(૫૧) બુદ્ધિ રૂપી સંપત્તિનું સ્થાન અમુક ત્રીજોરી નહિ, પણ પૃથ્વી અને આકાશ એ બે છે.

(૫૨) મનનાં ધારેલાં કામોથી પાર પડો, તો જ ધારજો કે મન ઉમંગી છે.

(૫૩) મનને વિષે અમુક બાબત સંબંધી થતી અદઢતા અન્યની સહાયતા લેવાથી દઢ થાય છે.

(૫૪) અતિશય તાબેદારી ઉઠાવનાર માણસ કદી સ્વતંત્ર વિચારનો હોઈ શકતો નથી.

(૫૫) અમુક કામને એકદમ મેલી દેવાનું

ની જરૂર પડે તો તેને માટે ઘણા વિચારો ક-
રીને મુકી દો, પણ સાહસથી નહિ.

(૫૬)હમેશાં માણસથી અનાયસે-વગર પ્રયાસે
કંઇ પણ પાપ થાયછેજ, માટે તેના નિવારણા-
ર્થે ઉપાયો લેવા એ મનુષ્ય માત્રનું કર્તવ્ય છે.

(૫૭) સંયોગમાં સંયોગ જેટલું પ્રીતિ
અને પ્રેમનું સ્થાન થઇ પડે છે, તે કરતાં
વિયોગમાં સંયોગ વિશેષ પ્રિયસ્થાન થઇ પડેછે.

(૫૮)અમલદારના ખુશામતીઆ ટુકડા ખાઉ
અને ચાડીઆ લોકની સ્વછંદી ચાલથી તા-
બાના નોકરોમાં બેદિલી ઉત્પન્ન થવાથી અ-
ધિકારી પોતાનો મોભો જાળવી શકતો નથી.
માટે પોતાના અમલનો સદુપયોગ કરનારા
અમલદારે તેવાઓને જલદી દુર કરવા.

(૫૯) ઉપરીના અયોગ્ય હુકમથી તા-
બાના માણસોનાં મન દુભાય એ હુકમ નથી,
પણ અમલ રૂપ કેફની ઘેલછા છે.

(૬૦) ભાંગ ગાંજો અફીણ દારૂ તાડી

અને સોમલ જેવા ઝેરી પદાર્થોનું સેવન કરનારા મનુષ્ય કરતાં અમલ રૂપી કેફમાં રચી-પચી અયોગ્ય વર્તન કરનારા અમલદારો ઘણી વધારે નીચ–અધમ છે.

(૬૧) મનગમતુ કાર્ય કરનારને અણગમતુ દુઃખ સહન કરવાની જરૂર છે.

(૬૨) જીભમાં હાડકું નથી, પણ તે હાડકાં ભાંગાવે છે.

(૬૩) ચાકરી કરવી તો દાસની પેઠે કરવી, પણ તેમ કરવાની ઇચ્છા ના હોય તો દાસત્વથી હરણની માફક નાશી જવું ઉત્તમ છે.

(૬૪) સસ્તામા સસ્તી ચીજ મફત–વગર મહેનતે મળે તે છે.

(૬૫) સુગ્ય સત્તાધિશનું કર્તવ્ય છે કે:— હુકમ ફરમાવતા પહેલાં બધી હકીકત લક્ષ આપીને વાંચવી અગર સાંભળવી.

(૬૬) ભલા અને સદ્દગુણી માણસોની ખુંજ જાણનારા ભલા અને સદ્દગુણી છે.

(૬૭) પોતાના પાડોશીનું સારૂં જોઇ મનથી કચવાય છે, તે દુઃખમાં આવી પડે છે ત્યારે તેની હાંસી થાય છે.

(૬૮) જે ઘરમાં કુકડા કરતાં કુકડીનો અવાજ આગળ પડતો હોય—અર્થાત્ પુરૂષ કરતા સ્ત્રીનું ચલણ વધારે હોય તે ઘર દુઃખ- દાયક સમજવું.

(૬૯) દુઃખ એજ સુખનાં બીજ છે.

(૭૦) ઘરમાં કે બહાર જે સમજુ મા- ણુસ છે તેનેજ વધારે દુઃખ છે.

(૭૧) ભુંડી ભાર્યા, કુભાંડી ચાકર અને કાચા કાનનો ઉપરી એ ત્રણુ પ્રાણઘાતક છે.

(૭૨) સ્ત્રીની બેઇમાનદારી અને નિમક- હરામીપણા ઉપર પુરૂષની ચાલાકી ચાલી શ- કતી નથી.

(૭૩) હવા પાણીની છુટ, મહોલ્લા માં- હેનો સહવાસ અને મનપસંદ સઘળા સે-

છવાળું ઘર એ ત્રણ બાબતો ઉપર ઘર રાખ-નારે મુખ્ય વિચાર કરવો.

(૭૪) પુત્રને પિતા તરફનું પ્રથમ શિક્ષણ પોતાને તાબે રહે એવો કરતાં શીખવવું એ ઉત્તમ છે.

(૭૫) વિષયલંપટ થઇ એશઆરામના દરિયામાં ઝાઝ ઝોકાવનારને તે વહાણ દુઃખના બંદર આગળ અટકાવવું પડે છે.

(૭૬) લંપટ સ્ત્રીના બોલવા ઉપર આધાર રાખવો એ ધુમાડામા બાચકા ભરવા જેવું છે.

(૭૭) ભાઇ બહેન ભત્રિજા ભાણેજ એ સંસારી સગાં અન્ય સગાંથી સંબંધમાં ઉત્તમ છે. વળી પુત્ર પુત્રી અને જમાઇ તે ઉપરનાં સગાં કરતા કંઇક અધિક ઉત્તમ છે.

(૭૮) ધન પુત્ર અને સ્ત્રીથી ન્યુનાધિક હોય તોપણ એક કુટુંબનાં કે વર્ગનાં માણસોને સરખાંજ ગણવાં.

(૭૯) સંબંધી છતાં જેનાથી આત્માની સો-

ઢય ફરજ બજાવી શકાતી નથી, તેના કરતાં યોગ્ય ફરજ અદા કરનાર સંબંધ વગરના માણુસથી શું સંબંધી અધિક છે? કંઇજ નહિ.

(૮૦) સમોવડીઆનો સમાગમ આપણા કર્તવ્યને મત આપી વેગળા રહે છે, પણ જ્ઞાનીનો સમાગમ કર્તવ્યમાં સુધારો તથા બગાડો બતાવીને વેગળો રહે છે.

(૮૧) ઘરડા માણુસોમાં કામપ્રીતિ અને છેલાઇનો અવગુણ હશી કાઢવા જેવો છે.

(૮૨) વેપારીઓમાં પ્રબળ દુર્ગુણ જૂઠ છે.

(૮૩) મોઢે મીઠું બોલનાર પણ પુંઠ પાછળ નિંદા કરનાર પુરૂષ કે સ્ત્રી દુર્જન જેવાં છે.

(૮૪) દ્રવ્ય અને શક્તિ એ બન્ને હોય, પણ મનુષ્યને તેનો ઉપયોગ કરવાનું સુઝતું નથી ત્યાં સુધી તેને સુખ પ્રાપ્ત થતું નથી.

(૮૫) નિરપરાધી માણુસ તોપને મોઢે ઉભો રહેવાને પણ ડરતો નથી.

(૮૬) ખબરદાર વહાણવટી મહા ભયંકર તોફ

જ્ઞાનમાંથી બચી જાય છે, તેમ બુદ્ધિવાન મનુષ્ય ગમે તેવા સંકટોમાંથી બચવાનો માર્ગ ખોળી કાઢે છે.

(૮૭) અનુભવ અને અભ્યાસ એ બે સર્વોત્કૃષ્ટ પુસ્તકો છે.

(૮૮) મોટા મનની સ્ત્રીઓનો ગુસ્સો–ક્રોધ વધાર વાર રહી શકતો નથી.

(૮૯) ગુનેગારનો ગુન્હો જાહેર થાય છે, ત્યારે તે ગભરાઇને કસાઇવાડે જતા બાકડની માફક આપોઆપ કંપી ઉઠે છે.

(૯૦) શત્રુનો નાશ કરવાને પ્રસંગે તેનું પોષણ કરવું એ ઉદારતામાં એક જાતની મુર્ખતા છે.

(૯૧) મન તાબે થયું નથી ત્યાં સુધી આત્મા કદી પણ ઓળખાવાનો નથી.

(૯૨) બીનઅનુભવી સાથે વાદવિવાદ કરવા કરતા મૌન્ય રહેવું ઉત્તમ છે.

(૯૩) સુખને અર્થે ઘણી વસ્તુંઓ સંઘરતી હોય તો કરકસરવાળા થાઓ.

(૯૪) ગરીબમા ગરીબ સ્થીતિ ભોગવનારો વર્ગ કંજુસોનો છે, પણ શેર લાવી શેર ખાનારા કંગાલોનો નહિ.

(૯૫) કૃપણનું ધન તે વાસ્તવિક ધન નહિ, પણ જે પૈસા પરમાર્થે વપરાય છે, તેજ ખરૂ ધન છે. પરમાર્થમાં ધન ખરચનાર પુરૂષ જગત્ શેઠ કરતાં પણ શ્રેષ્ઠ અને શ્રીમંત છે.

(૯૬) હરેક વસ્તુ હોવા છતાં વપરાય નહિ તો તે છે તે કરતા ના હોય તે વધારે સારૂં.

(૯૭) પોતાની પાસે પૈસા છતાં યોગ્ય માર્ગે વપરાતાં ખમચાયછે તે નર નથી, પણ ગધેડાની પેઠે ભાર વહેવાની વૃત્તિવાળો ખર એટલે ગધેડા છે.

(૯૮) સંગ્રહ કરેલું ધન ભોગવતો નથી તે તેનું નહિ, પણ જે ભોગવે છે તેનુ છે; પરં;

ધુ સંગ્રહ કરી જાણનાર તો માત્ર દાસજ છે.

(૯૯) સામાના ક્રોધને સમાવવાનો સહેલો ઉપાય સામો જવાબ નહિ આપવો એજ છે.

(૧૦૦) મોટાઓના મનથી થતો સહેજ ઉપકાર કે નુકશાન નાનાઓને મન મોટું થઇ પડે છે, પણ નબળો સબળાને ગુણ કરે છે તે આટા લુણમાં જાય છે.

(૧૦૧) એક કરતાં વધારે નિર્ણય કે મત આગળ ધરવાથી ચોક્કસ નિર્ણય કે વિચાર ઉપર આવી શકાતું નથી.

(૧૦૨) સ્ત્રીના પતિની રીતભાતથી વાકેફ થવું હોય તો તેનો મુખ ચેહેરો જોવો.

(૧૦૩) જે પોતે પરણવાની તૈયારીમાં હોય તેણે પોતાના પાડોશીને ત્યાં કેમ થયું છે તેનો વિચાર કરવો.

(૧૦૪) પૈસાને માટેજ પરણનાર પૈસા કરતાં સ્ત્રીના પ્રેમની ગણના ઓછી કરે છે.

(૧૦૫) લગ્ન કરવા ઇચ્છનારે બનતા લગી પોતાથી ઉંચા કુળની કન્યા પસંદ કરવી નહિ.

(૧૦૬) સ્ત્રી, પાણી, વાયુ અને દેવતા ચહાય ત્યાં રસ્તો પાડી શકે છે.

(૧૦૭) વ્યવહારમાં ખરી કે ખોટી નજીવી બાબતોમાં વધુ હઠ પકડનારો ઘણો વર્ગ સ્ત્રી જાતિનો છે.

(૧૦૮) સ્ત્રીનું નજીકનું સગું તો તેનો પતિ જ છે પણ માત પિતા સાસુ સસરો કે છોકરાં નહિ.

(૧૦૯) તમારા મિત્રને એક જુઠી વાત કહો અને તે પેટમાં રાખે તોજ પછી સાચી વાત કહો.

[૧૧૦] સલાહ આપવાને તત્પર પણ સહાય—આશ્રય આપવાને પાછળ તે ખરો મિત્ર સમજવો નહિ.

[૧૧૧] મિત્રતા કે સ્નેહ બંધાયો બંધાતો નથી, પણ મળતા ગુણોથી બંધાય છે.

[૧૧૨] મિત્ર મેળવવાનો મુખ્ય માર્ગ માયાળુસ્વભાવ અને મળતાવડાપણું છે.

[૧૧૩] બુદ્ધી સ્ત્રી, ઘરડો કુતરો અને નગદ નાણું એ ત્રણ દુનિયામાં નિમકહલાલ મિત્રોછે.

[૧૧૪] મિત્રાચારી સાચવી રાખવી હોય તો સ્વાર્થરહિત અને સ્પષ્ટવકતા થવું.

[૧૧૫] શરીરનો કોઇ ભાગ કપાવવો પડે તો ધ્રુજતા હાથવાળા પાસે કપાવવો નહિ.

[૧૧૬] ઊંટવૈદું કરનારનું ઔષધ કોઇ દિવસ કરવું નહિ.

[૧૧૭] દુઃખના વખતે જે પૈસાનો બચાવ કરી જાણવામાં તત્પર છે, તેના જેવો બીજો કોઇ આત્મઘાતી નથી.

(૧૧૮) દુર્વ્યસનોજ અંત વખતે ઘા કરેછે, માટે તે પ્રાણાન્તે પણ કરવાં નહિ.

(૧૧૯) વ્યસનો નઠારા કામોમા પણ આડે આવનાર છે.

(૧૨૦) વ્યસનના મહતના મુસદ્દી થતા પહેલાં બહુ વિચાર કરો, કારણ કે વ્યસની ટોળામા સંબંધ થઇ વ્યસની વસ્તુની આપેક્ષેતાં આપણે આપણું માન મોટાઇ અધિકાર જ્ઞાતિભેદ કે ધર્મમર્યાદા કંઇ પણ જાળવી શકતા નથી.

(૧૨૧) આપણે જે ખર્ચ કરવાને લાયક નથી, છતા તે કરવાને વૃત્તિઓને દોરવી એ પણ એક પ્રકારનું ઉડાઉપણાનુ વ્યસન છે.

(૧૨૨) મૂર્ખને શિક્ષા કરવી હોય તો તેને એક વહુ કરી આપવી.

(૧૨૩) ધનાઢય છતાં જે અજ્ઞાની છે, તેને સોનેરી ઉનવાળા ઘેટા જેવો જાણવો.

(૧૨૪) જેનો અનુભવ નહિ થયો હોય, તેવાની સ્તુતિ કરનાર માણસ પોતાની મેળ જુઠો પડે છે.

(૧૨૫) પોતાના પાડોશીના કુતરાને રોટલી

નાખનાર સખ્સ પોતાના કુતરાને પોતાના ઉ-પર ભસવાનું કારણ ઉભું કરી આપે છે.

(૧૨૬) મઝ્જૂરી મજૂરી માગનારને ધાનતદાર સમજવો નહિ.

(૧૨૭) સર્વને રાજી રાખવાનો યત્ન કરનાર પોતે પ્રસન્ન રહી શકતો નથી.

(૧૨૮) જે વિચારના પહેલાં જીભ ચલાવે-છે તેને ડાહ્યો પુરૂષ સમજવો નહિ.

(૧૨૯) ઉપજ કરતાં વધારે ખર્ચ કરવો નહિ. અને શરીરમાં શક્તિ હોય ત્યાં સુધી ખંત રાખી ઉદ્યોગ કરવો એ સુખી થવાનો સરળ ઉપાય છે.

(૧૩૦) અવિચારથી ખર્ચ કરનારને મરણ સમયે ખોટનું સરવૈયું પ્રત્યક્ષ જણાઇ આવે છે.

(૧૩૧) એકજ વિચાર માણસને સુખના ઉંચા શિખરે લાવવાનેજ બસ છે.

(૧૩૨) ખાવાના પ્રસાદની લહાણી કરતાં

બુદ્ધિના પ્રમાદની લહાણીમાં જેનું મન વધારે આકર્ષાય, તેજ કાઇ બાપના મેળવેલા પ્રસાદ કરતા વિશેષ તત્વ મેળવનાર છે.

(૧૩૩) સ્વતંત્ર વિચારથી કામ કરતા કાઇ ભુલ થાય જેવું થાય તો તેનો સ્થુલ વિચાર નહિ કરતા સુક્ષ્મરીત્યે વિચાર કરો.

(૧૩૪) અતિશય નમ્રતા બાપડાની અને અતિશય છટા બતાવવી એ કંઇક અંશે બુદ્ધિબલની પણ ઘણાભાગે મિથ્યાવાદીની કે અજ્ઞાનતાની ગરજ સારે છે.

(૧૩૫) હરેકની કસોટી કરવી હોયતો પ્રથમ કરો પણ સ્વીકાર કર્યા પછી કસોટી કિંવા પરીક્ષાને દોષ ના દ્યો.

[૧૩૬] હરેકની રૂબરૂમાં લેવાતા જવાબની સાક્ષી તેની આંખ પુરે છે.

(૧૩૭) આપણા દુઃખની નહિ પણ સામાના દુઃખની ગણત્રી કરો. સજ્જનો પોતાના

મેરૂ જેવડા દુઃખને સરસવના દાણા જેવા ગણે છે પણ સામાના કિંચિત દુઃખને ડુંગર જેવા સમજે છે.

(૧૩૮) સુખી સ્થિતી કરતાં દુઃખી સ્થિતીમા લાભ લેવા ઇચ્છીશું તો સારા ભણી આવશે.

[૧૩૯] દુઃખનો હબાવનાર અને સુખનો પ્રેરક ધૈર્ય–ધર્મ છે.

[૧૪૦] શરીરની અંદર વિકાર થવાનું કારણ એકલું તન નથી પણ સાથે મન પણ છે.

[૧૪૧] સુખના સો વર્ષનો સમય દુઃખના એક વર્ષ જેટલો લાગે છે, તો ધૈર્યતાથી વેઠેલા દુઃખનું એક વર્ષ સુખના સો વર્ષ જેવું કેમ નહિ માનવું ?

(૧૪૨) જ્યારે દુઃખના અંતે સુખ વગર બીજુ કંઇ આવતું નથી ત્યારે સુખના અંતે બીજું શું ?

[૧૪૩] બુદ્ધિના અંકુરો ઉગાડવામાં આવે છે તે મનક્ષેત્રની જગા પુરતાજ, પણ ક્ષેત્ર બહારના ભાગમાં નહિ.

[૧૪૪] ધનસંપત્તિના ઉદ્યોગ કરતા વિદ્યાસંપતિનો ઉદ્યોગ બહુ વૃદ્ધિકર્તા છે.

(૧૪૫) નીચોનેલાામાથી નીચોવવું એ વસ્તુને નિર્મળ કરવા જેવુ છે.

(૧૪૬) હરેક મોટી બાબતોમાં મતથી આગળ પડતો જનસમુહ ઘણો છે, પણ સારી કે મહત્વની બાબતમા તો થોડોજ હશે.

[૧૪૭] શોધક અને બોધક અથવા સુધારકના કાર્યોની ભિન્નતા એજ શિષ્ય અને શિક્ષકના કાર્યોની ભિન્નતા છે.

[૧૪૮] આશાના ડુંગરો કલ્પિત છે પણ ખરા તો ગુણોનાજ છે.

(૧૪૯) અજાણુ દોષવાન ઠરે છે પરંતુ જાણીને ખોટું કરનાર તો વળી વધારે દોષવાન

[૧૫૦] અમુક વિષય સામાને પસંદ પડતો નથી તો તે વિષયની ખામીને લીધે નહી પણ વિષયનું વિવરણ નહી થયાની ખામીને લીધેજ છે.

[૧૫૧] ઉપર થઇને વહી ગયેલું વરસાદનું પાણી જમીનના પડને વધારે ઊંડે લગી પલાળતું નથી, પણ રચીને ઝરમર ઝરમર પડતા વરસાદનું પાણી જમીનના પડને ઉંડે લગી પલાળે છે તે લાભ કરે છે

[૧૫૨] સમજ્યા વિના વંચાતું તે વાંચ્યું ના કહેવાય, પણ સમજવાના દ્વારને પુરી નાખવાનો પ્રયત્ન કર્યો કહેવાય.

(૧૫૩) ચાવીને ખાતાં જેટલું સ્વાદીષ્ટપણે અને વધારે ખવાય છે તેટલું ઉતાવળે ખાવાથી ખવાતું નથી અને વળી અવગુણ કરે છે.

(૧૫૪) લખવાથી જેટલું ભણે છે, તે કરતાં વાંચવાથી વધારે ભણે છે.

(૧૫૫) ઘણાં બારે અને અઘરાં નામોં કા બીજ સહેલાં કામો છે.

(૧૫૬) ગળાપણુવાળો તમામ વસ્તુઓનો સ્વાદ એકસરખો લાગે છે, પણ તે બધામા ગુણ એક જાતનો હોતો નથી.

(૧૫૭) નાગાને લાજ હોતી નથી. પણ જોનારને લાજ આવે છે.

(૧૫૮) અન્યની નજીવી સરખી ચીજનો પણ છુપી રીતે ખાનગી કામમાં થતો સહેજ ઉપયોગ, અગ્નિ અને મણિધરના વિષ જેવો હોઇ હમેશનું સત્યાનાશ વાળનાર છે; તો પછી તેની સરકારી ચીજ શું ન કરી શકે?

(૧૫૮) જે વસ્તુના સહેજ ઉપયોગ માટે મફત માગણી કરવા ચહાતા હો તો તેમ નહિ કરતાં તે વસ્તુ જરૂર પુરતી ખરીદ કરો. કારણ કે તેથી થતો બચાવ એ બચાવ [illegible] બીજે રસ્તે જતી ખોટ છે.

(૧૬૦) અપની તમામ ચીજ એટલે હમેશને માટે જરૂર પુરતી વસ્તુઓ શક્તિ મુજબ ભારે કે હલકી કિંમતની ખરીદી રાખો, પણ જરૂર કરતાં અધિક નહિ.

(૧૬૧) હરેક કાર્યમાં થતી હાયપીટ અને ઉતાવળનું ફળ મુશ્કેલી અને લંબાણ છે

(૧૬૨) હરેક કાર્યમાં રખાતી ધૈર્યતા ઓછા શ્રમે અને મરજી મુજબ ફતેહમંદી આપે છે.

(૧૬૩) તમારી પાસે હોય તેટલામાં સંતોષ માની રહો, પણ જે મળવાનુંજ નથી તે મેળવવા માટે નિરર્થક શ્રમ અને વખતનો વૃથા વ્યય ના કરો; કારણ કે મોત અર્થાત્ કાળ નાના કે મોટાનો વિચાર કરવાને જરાએ અટકતું નથી.

(૧૬૪) મનુષ્યસ્વભાવનું અવલોકન કરવાથી આપણને સ્પષ્ટ જણાયછે કે—ચીંથરે હાલ પ્રજામાં એક વસ્ત્ર પરિધાન કરનારો, ભૂખે મરતી પ્રજામાં એક ભોજન કરનારો, નિર્ધન

પ્રજામા એક ધનવાન, રોગી પ્રજામાં એક નિરોગી, અનીતિથી ચાલનારી પ્રજામા એક નીતિમાન પોતાની સ્થીતિ સાબો વખત જાળવી શકતોજ નથી.

(૧૬૫) જુસ્સાના તેમજ ગુસ્સાના આવેશમાં કોઇને શિક્ષા કરવી નહિ.

(૧૬૬) શેઠને માથે સવાશેર નહિ મળે ત્યાં સુધીજ બધુ પારશરપાશરૂં સમજવુ.

(૧૬૭) માણસો જેમ ઉંચી પદવી મળતી જાય-છે, તેમ તેમ મોટી ઉંચી ઇમારતની પેઠે પડવાની બીક પણ બહુ રહે છે

(૧૬૮) પ્રાણાંત પર્યંત પ્રમાણિકપણું જાળવી શકનારા માણસોનાથી દુર્ગુણો નાસતાજ ફરે છે.

(૧૬૯) રાજાની પુંજી લોકપ્રિયતા છે સારે પ્રજાની પુંજી ઉદ્યોગ છે.

(૧૭૦) ઉદ્યોગી થનારને બીજાની મદદ લાની શી જરૂર છે ?

(૧૭૧) યોગ્ય–ખરી જરૂરી પુરી પડતી નથી છતા જેઓ સંતોષ માની બેસે છે તે સંતોષ નથી, પણ શક્તિહિનત્વ બતાવનાર આલસ્ય-પણું અને નિર્માલ્યતાજ છે.

(૧૭૨) લાખ મળવાના નથી અને લક્ષાધિ-પતિ થવાના નથી એવુ માની બેસી રહેનારા નિરૂત્સાહી આળસુ કરતાં એક પાઇ પણ મે-ળવવાના પ્રયત્ન કરનારો ઉત્સાહી અને ઉદ્યોગી પુરૂષ હજાર દરજજે શ્રેષ્ટ છે.

[૧૭૩] જે કાર્યને માટે થતો પ્રયાસ તેજ કાર્યમા સફળતા ન આપે તો તેજ પ્રયાસ બી જાં કામોમાં વગર માગે ફળ આપનારો ની-વડી આવે છે. સારાંશ કે ઉદ્યોગ–પ્રયત્ન કદી નકામો જતોજ નથી.

[૧૭૪] ભય ઉત્પન્ન કરનારો ખરો દુર્ગુણ વ-હેમ છે.

[૧૭૫] ભુલ પડી હોય તો તરત પુરો, પ-ણ અમુક મુદત વીતી ગયા બાદ પુરવા જતું વાથી પુરવા જેવું રહેતુ નથી.

[૧૭૬] વડીલની અને પરમાર્થીની એ એની ફરજાજ છે કે વગર પુછે ભુલ બતાવવી.

[૧૭૭] ભુલ બતાવનાર ઉપર અભાવે જોનાર પોતાની ભુલરૂપી દાપનાં બીજ રોપનારો છે.

[૧૭૮] એકદમ ઝાડની ટોચે અડકતું નથી, પણ ક્રમે ક્રમે થડ ડાળ અને છેલ્લે ટોચે અડકવા જવાનો અમજ ફળ આપે છે.

(૧૭૯) જે કાર્યને માટે રૂબરૂમા વધારે કહેવાની જરૂર છતા કહેવા શક્તિમાન હો નહિ, તો લખિત વિનતિ તેમના હાથમા મુકી અળગા રહેવું.

[૧૮૦] હલકી વસ્તુના અભાવે કિમતી ચીજ વાપરવી અને કિમતી ચીજના અભાવે હલકી વસ્તુ વાપરવી એ પરિણામે કાર્યમા હાનિકર્તા નીવડે છે.

(૧૮૧) અમુકથી આપણે છેતરાયા એવું તમારા મનને થતું હોય તો તેથી દીલગીર થવા કરતાં ફરીથી નહિ છેતરાવા માટે રાખવા-

માં આવતી સાવચેતી પરમ સુખ આપનાર છે.

[૧૮૨] અમુક કાર્યના આરંભમા બીજુ' વ-ધારાનુ મનપસંદ કાર્ય કરવાનો વિચાર થઇ આવે તો તેનો પાયો ઝટ નજર પડે તેવી રીતે રચી દેવો.

[૧૮૩] જ્ઞાનીથી ઉંચ જ્ઞાનીની સલાહ લેવા-થી હરકોઇ કાર્યમા મન હચુંપચુ થતું નથી પણ ઉતરતા જ્ઞાનીની સલાહ લેવાથી હચુંપચું બનવાનો સંભવ છે.

[૧૮૪] સામાની ભુલ પુરવા કરતાં સામાની પાસે પોતાની ભુલ શોધાવવી એ ભૂલ સુધા-રવામા ઉત્તમ રીતિ છે.

(૧૮૫) અમુક માણસે આપણા ઉપર પોતી ટીકલપણું—મુસદ્દીપણુ વાપર્યું છે એમ ક્યારે માનવું ? આપણે આપણી નહિ કહેવા જેવી કે જેને આપણે ગુપ્ત સમજીએ છીએ તેવી વાતો તેને કહેવાને આપણું મન ઉશ્કેરાય ત્યારે.

॥ इति शिवम्. ॥

૧૭. અમણચંદ્ર. બીજીઆવૃત્તિ છપાયછે. ૧—૦—૦

૧૮. અકબર બીરબલનો વાર્તાવિનોદ. ૧—૦—૦

૧૯. વૈદ્યક સારસંગ્રહ... ....૦—૪—૦

૨૦. કિટલીસ (એક સુબોધક વાર્તા)૦—૮—૦

૨૧ શ્રીઆસ્તીપ્રસાદ (દીપાળીનુ વર્ણન)૦—૧—૦

૨૨ પ્રાચીન ઓરતો—પંક્તિ... ...૦—૨—૦

૨૩ વિદ્યાર્થિજીવન વર્ણન તથા રચના. ૧—૮—૦

૨૪. વ્યવહાર ભાનુ (પ્રથમ રશ્મિ)......૦—૧—૦

૨૫. શું પુનર્લગ્ન અશાસ્ત્ર છે?.....૦—૪—૦

એક ૧ રૂપીઆની ત્રણ પાઇવાળી ચપરાશી- લી ફાટ્યા વગરની આખી ટીકીટો ૧૦૨ મો- કલનારને "મથતુ એક હિન્દુ નામનું" રચિ પુસ્તક નિનામૂલ્યે મોકલવામાં આવે નકલો થોડી છે માટે વહે

મા. ત્રિ. ભતજીભાઈ

श्री विद्यार्थी-जीवन

આત્મારામ [illegible] ।

[illegible] પુરુષોત્તમદાસ સંઘવી [illegible]

નું અમદાવાદમાં [illegible]

થી પ્રકટ થયું. આમાં [illegible]

લખ્યું અને અંગ્રેજીમાંથી [illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]